# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૭૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા ૧૮/૭/૨૦૨૩

- **મહારાષ્ટ્ર સરકારે બોગસ બીયારણ વેચતા બીજ બુટલેગરો સામે રક્ષણ આપતો કાયદો લાવવાની તૈયારી દેખાડી ... ગુજરાત સરકાર ક્યારે ખેડુતોને બીજ બુટલેગરોથી ક્યારે રક્ષણ આપશે ?**
- **બોગસ બીયારણ વેચતા વેપારીઓ મહારાષ્ટ્રમા માત્ર દંડાશે જ નહી જેલ પણ મળશે...**

ગુજરાતમા જે પણ બીજ બુટલેગરો ઉપર આવા ગંભીર ગુના લાગ્યા છે એ વેપારીઓ પૈકી કેટલાક ગુજરાત રાજય સીડ એશો.ના નેતાઓ છે જેઓ કરોડોનો અનઅધિકૃત બીજનો વેપાર કરીને નજીવા દંડની જોગવાઇનો લાભ ઉઠાવીને છુટા ફરે છે...

ગુજરાતની ભાજપા સરકારને અનેક વાર પત્ર દ્વારા અને મીડીયાના માધ્યમથી કોંગ્રેસે ખેડુતોના હિતમા માંગ કરી છે કે બીજ ઉત્પાદન કરતા તમામ વેપારી બીજ બુટલેગર નથી પરંતુ જે અનઅધિકૃત બીયારણનો ખુલ્લે આમ વેપાર કરતા વેપારીઓ વિરુધ્ધ કડક કાયદો બને, તેમા દંડ સાથે ઓછામા ઓછી ૧૦ વર્ષની સજાની જેગવાય કરવામા આવે....

ગુજરાતમા ૨૦-૨૦ વર્ષથી અનેક વેપારીઓ અનઅધિકૃત રીતે બીટી કપાસ બીયારણનો વેપાર કરીને ખેડુતોને આર્થિક રીતે બરબાદ કરી રહ્યા છે,અને ખેડુતોની આત્મહત્યામા પણ આ એક મજબુત કારણ છે, આમ આ ધંધામા કરોડો રુપિયાની કમાણી કરીને વર્તમાન દંડની જોગવાય મુજબ તે મામુલી રકમ ભરીને આમ વર્ષોથી આવા વેપારીને સરકાર અને તેનુ બીજ એશો. સાવરી રહી છે, જે મારા ગુજરાતના ખેડુતોનુ દુર્ભાગ્ય છે કે રાજય સરકાર ખેડુતોને બચાવવા માટે કડક કાયદા બનવવા માગતી નથી.

ગુજરાતમા ૨૦-૨૦ વર્ષથી બીટી કપાસ બીજનુ અનઅધિકૃત રીતે ઉત્પાદન કરી બીયારણ વેચતી ગુજરાતની ૩૦૦ કરતા વધુ કંપનીઓ ઉપર ભાજપા સરકારની મીઠી નજર બંધ ક્યારે થશે ? તેની સામે બીન જામીન પાત્ર ગુનાની કાયદામા જોગવાય કયારે થશે ?

બીજ બુટલગરો અનઅધિકૃત બીજનો કરોડો રુપિયાનો વેપાર કરીને કડક કાયદાની જોગવાયને અભાવે મામુલી દંડ ભરીને બીજ બીજ બુટલેગરો છટકી જાય છે, અને કરોડોની નુકશાની ખેડુતો ભોગવી રહ્યા છે એ રાજય સરકાર જાણે છે છતા ખેડુતોને નબળા અને હલકા બીજ ખેડુતોને પકડાવતા બીજ બુટલેગરોથી રક્ષણ કેમ આપી રહી નથી ?

મહારાષ્ટ્ર સરકારે આ દિશામા પહેલીવાર અનઅધિકૃત બીજનો વેપારી કરતી કંપનીઓથી (બીજ બુટલેગર) રક્ષણ આપવા કડક કાયદામા માત્ર દંડ નહી પરંતુ સજાની જોગવાય કરી રહી છે તે માટે મહારાષ્ટ્ર સરકારનુ આ પગલુ આવકાર્ય છે તે માટે અભિનંદન ...

મહારાષ્ટ્ર સરકાર બોગસ બીટી કપાસના નકલી બિયારણો અને ખાતરોના કિસ્સામાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ કરવાની યોજના બનાવી છે જે ગુનાને બિનજામીનપાત્ર રહેશે.જે ગુજરાત સરકાર પણ કરી શકે છે.

ગુજરાતની ભાજપા સરકાર પણ બોગસ બીયારણ/ખાતર/જંતુનાથક દવા વેચતા વેપારીઓ વિરુધ્ધ બીનજામીન લાયક કડક કાયદા બનાવે અને તેમા ઓછામા ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાય કરવામા આવે જેની અમલવારી પણ વહેલી તકે કરવામા આવે તેવી ખેડુતો અને ખેડુત સંગઠનેની વર્ષો જુની માંગને કોંગ્રેસ પક્ષ પણ તે લાગણીને આદર કરે છે. અને માંગ કરે છે.

મનહર પટેલ

મનહર પટેલ

પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ